ગુરૂશ્રી ગુરૂનાનક દેવજીની ૫૫૩મી જન્મ જયંતિ નિમિત્તે ગૃહમંત્રી હર્ષ સંઘવી મણીનગર સ્થિત ગુરૂદ્વારા પહોંચ્યા હતા. શ્રી ગુરૂનાનકજીના દરબારમાં મસ્તક નમાવી તેઓએ આશીર્વાદ મેળવ્યા હતા.

મા ઉમિયાધામ સોલા ખાતે મુખ્યમંત્રીના હસ્તે ભૂમિપૂજન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે કોઈપણ ધાર્મિક સ્થળોના નિર્માણ માટે માતાજીના આશીર્વાદ જોઈએ. અને કોઈપણ મંદિરનું નવનિર્માણ સમાજના ઉત્થાન માટે જરૂરી હોય છે. ધર્મ સમુદાય સંગઠનના કારણે સમાજ, સૌ સમુદાય એક તાંતણે બંધાયેલા રહે છે. જેથી ધાર્મિક સંસ્થાઓ સમાજના દરેક નાગરિકના ઉત્થાન માટે જરૂરી હોય છે. પાટીદાર સમાજ દરેક ક્ષેત્રે શિક્ષણ ક્ષેત્રે, વેપાર-ઉદ્યોગ ક્ષેત્રે, દેશ-દુનિયામાં અત્યારે આગળ વધી રહેલો સમાજ છે.

સરકાર તરીકે અમારી જવાબદારી નિભાવવા માટે અમારી સંપૂર્ણ ટીમ તૈયાર છીએ તેમ જણાવતા મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે તમામ સમાજની સામાજિક સંસ્થાઓ ખૂબ સારા કામો કરી રહી છે, કોઈપણ સરકાર એકલા હાથે વિકાસના કામ કરી શકે નહીં , સમાજનો તેમાં સાથ જરૂરી હોય છે. સરકાર અને સમાજિક સંગઠનોના સહયોગથી રાજ્યની વિકાસની ગતિને વેગ મળે છે અને જેથી ધારેલું પરિણામ મેળવી શકાય છે.

સૌનો સાથ- સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસ જીતવા માટે સૌ સમુદાયના લોકોએ સાથે મળીને પ્રયાસ કરવામાં આવે તો ધારેલું પરિણામ મેળવી શકાય.

જે પણ સમુદાયના સંગઠનો અને સમાજ પ્રગતિ કરીને આગળ આવવા માગે છે તેમની સાથે રાજ્ય સરકાર હંમેશા ખડેપગે છે. એમ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું.

દરેક સમાજ શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ આણે અને સરકાર તરીકે દરેક યુવાનોને રોજગારી મળે

એવા જ પ્રયત્નો છે. ગુજરાતમાં બધા જ સમાજ ખૂબ મોટા વિકાસના પ્રોજેક્ટ પર કાર્ય કરી રહ્યું છે તે બધા જ પ્રોજેક્ટ શરૂ થાય અને તેનો અમલ થાય તો ઘણા બધા લોકોને રોજગારી મળશે. કારીગરો, વેપારી વર્ગ વધશે અને નાણાકીય ક્રાંતિ આવશે જેનાથી રાજ્ય અને દેશને ફાયદો થશે.

મુખ્યમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું કે શિક્ષણ એ એવું ક્ષેત્ર છે જે દરેક મુશ્કેલીઓનું નિવારણ કરે છે, જેથી દરેક સમાજમાં શિક્ષણનું પ્રમાણ વધશે તો ઘણા બધા પ્રોબ્લેમના સોલ્યુશન મળી જશે એટલે દરેક સમાજના આગેવાનો પ્રયત્નશીલ બનીને શિક્ષણ ક્ષેત્રે યુવાનોને આગળ ધપાવે તેવી હિમાયત કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને આનંદીબેન પટેલ અને વિજયભાઈ રૂપાણીના શાસનકાળથી રાજ્યમાં વિકાસની કેડી કંડારેલી છે તે દરેક સમાજના ઉત્કર્ષ માટે કાર્યરત છે. રાજ્ય સરકાર હંમેશા તમામ સમાજના સમુદાયની સાથે છે અને તેથી સમાજના કોઈપણ વ્યક્તિનો વિશ્વાસ તૂટશે નહિ તેવું મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને સંસ્થાનના અધ્યક્ષ નીતિનભાઈ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે ઉમિયાધામ સોલા ખાતે નવનિર્મિત થવા જઈ રહેલા મંદિર અને શૈક્ષણિક સંકુલો સાથે અન્ય સંકુલો સમાજના યુવાનો, વિદ્યાર્થીઓ અને વાલીઓ અને અનેક લોકોને ખુબ ઉપયોગી નીવડશે. શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે અનેક પ્રકારની સ્પર્ધાઓ વધી છે ત્યારે પાટીદાર સમાજના યુવા ભાઈ-બહેનો ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરમા આવીને વસવાટ કરીને શિક્ષણકાર્ય કરતાં હોય છે ત્યારે તેમને રહેવાની અહીં ઉત્તમ સગવડો મળી રહેશે.

ભૂપેન્દ્રભાઈ જેવા નમ્ર સીએમ મેં આજ સુધી નથી જોયા : નીતિનભાઈ

સત્તામાંથી અચાનક થયેલી વિદાય બાદ પોતે નારાજ છે તેવી ચર્ચાઓ અને અટકળો વચ્ચે આજે પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે હાલના સીએમ ભૂપેન્દ્ર પટેલના વખાણ કર્યા છે.

શનિવારે અમદાવાદના સોલા વિસ્તારમાં બનનારા ઉમિયાધામ કેમ્પસ અને મંદિરના ભૂમિપૂજન કાર્યક્રમમાં બોલતા નીતિન પટેલે જણાવ્યું હતું કે, તેમણે આજ સુધી ભૂપેન્દ્રભાઈ જેવા નમ્ર મુખ્યમંત્રી નથી જોયા. બધાની સાથે હળીભળી જવાની ભૂપેન્દ્રભાઈની જે પદ્ધતિ છે તે ગુજરાતના પહેલા મુખ્યમંત્રીમાં પોતે જોઈ છે તેમ પણ નીતિન પટેલે કહ્યું હતું. નીતિન પટેલે કહ્યું હતું કે, આ વાત તેઓ માત્ર ભૂપેન્દ્ર પટેલના વખાણ કરવા નથી કહી રહ્યા, પરંતુ પાટીદાર સમાજે કેવા સીએમ ભાજપને આપ્યા છે તે જણાવવા કહી રહ્યા છે. ભૂપેન્દ્ર પટેલ સીએમ બનવાના હતા તે વખતનો એક પ્રસંગ ટાંકીને નીતિન પટેલે જણાવ્યું હતું કે, શપથવિધિ પહેલા ભૂપેન્દ્ર પટેલે પોતાને ફોન કરીને જણાવ્યું હતું કે શપથ લેતા પહેલા મારે તમારા આશીર્વાદ લેવાના છે. આવો વિચાર કોઈ નિરાભિમાની જ કરી શકે તેમ પણ નીતિન પટેલે કહ્યું હતું. આ જ રીતે તેઓ પ્રોટોકોલને નેવે મૂકીને બેસતા વર્ષે પણ પોતાના ઘરે આવ્યા હતા.

બ્રહ્માકુમારીઝનું સુરક્ષાકર્મીઓ માટે ‘‘આત્મ સશક્તિકરણથી રાષ્ટ્ર સશક્તિકરણ અભિયાન’’

સીઆરપીએફ અને એસઆરપીએફ કેમ્પસમાં કાર્યક્રમ યોજાયાં : સોમવારે બીએસએફ કેમ્પસમાં સમાપન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

આજના ઝડપી ટેકનોલોજી અને મોડર્ન લાઈફસ્ટાઈલના યુગમાં દરેક ક્ષેત્રમાં કાર્યરત વ્યક્તિઓ વિવિધ પ્રકારના માનસિક તણાવનો શિકાર બની રહ્યાં છે. આ સમસ્યાનો સામનો દેશની સુરક્ષામાં કાર્યરત સુરક્ષાકર્મીઓ પણ કરી રહ્યાં છે, જેઓનું શારિરીક અને માનસિક રીતે સજ્જ રહેવું રાષ્ટ્ર માટે ખૂબ જરૂરી છે. આ સ્થિતિમાં આધ્યાત્મિક ક્ષેત્રે અગ્રેસર બ્રહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સુરક્ષા કર્મીઓની વ્હારે આવી છે. ગાંધીનગરમાં પણ બ્રહ્માકુમારીઝ દ્વારા સીઆરપીએફ, એસઆરપીએફ તેમજ બીએસએફના જવાનોને આત્મ સશક્તિકરણથી રાષ્ટ્ર સશક્તિકરણ અભિયાનમાં આવરી લેવામાં આવ્યાં છે.

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત બ્રહ્માકુમારીઝની સુરક્ષા સેવા પ્રભાગ દ્વારા દેશના સુરક્ષાકર્મીઓ માટે કાર રેલી સ્વરૂપે ‘‘આત્મ સશક્તિકરણથી રાષ્ટ્ર સશક્તિકરણ વિષય પર રાષ્ટ્રીય અભિયાન છેડવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત દેશના બહાદુર જવાનો નકારાત્મકતાથી દૂર રહે અને ચિંતા તણાવ કે ડિપ્રેશનનો શિકાર ના બને તે હેતુથી વિવિધ વિષયે માર્ગદર્શન આપવામાં આવે છે. નવેમ્બર-૨૦૨૧થી શરૂ કરવામાં આવેલુ આ અભિયાન ઓગષ્ટ-૨૦૨૨ સુધી ચાલશે. તા. ૭મી નવેમ્બરથી દિલ્હીથી પ્રસ્થાન પામેલ આ કારરેલી શનિવારે સાંજે ચિલોડા રોડ પરના કેન્દ્રિય રીઝર્વ પોલીસ ફોર્સ ખાતે આવી પહોંચી હતી. સીઆરપીએફ બાદ મગોડી ખાતેના એસઆરપીએફ કેમ્પસમાં પણ બ્રહ્માકુમારીઝ દ્વારા ‘આત્મ સશક્તિકરણથી રાષ્ટ્ર સશક્તિકરણ’ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સોમવારે બીએસએફ ખાતે આ અભિયાનનો સમાપન કાર્યક્રમ યોજાશે.

જિલ્લામાં આજે ૧૨ હજારથી વધુ લોકોનું વેક્સિનેશન કરાયું

હર ઘર દસ્તક અભિયાન અંતર્ગત જિલ્લામાં આજે કોરોના વેક્સિનેશન અભિયાનમાં ૧૨ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અભિયાન વેગીલુ બને તે માટે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌત્તમ આજે કલોલ શહેરના વિવિધ વિસ્તારોમાં તંત્રની ટીમો સાથે ઘરે ઘરે ફર્યા હતા. તેમણે શહેરી આરોગ્ય કેન્દ્રની મુલાકાત લઈ ઓ.પી.ડી. વિભાગ, ફાર્મસી રૂમ, વોર્ડ, પ્રસુતિ રૂમ તેમજ લેબોરેટરીની મુલાકાત લીધી હતી એટલુ જ નહિ સ્ટાફની હાજરી અંગે પણ ચકાસણી કરી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦,૮૧૩ લોકોને તથા શહેરમાં ૧૬૮૭ લોકોને વેક્સિનેશન અભિયાનમાં આવરી લેવાયા હતા. આજે આ અભિયાનમાં વેક્સિનનો બીજો ડોઝ મેળવનાર લાભાર્થીઓ વધુ નોંધાયા હતા.

વાયબ્રન્ટ પહેલાં ધોલેરામાં ડેટા સેન્ટરની સ્થાપના થશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત સરકાર ૧૦મી વાયબ્રન્ટ સમિટ પહેલાં રાજ્યમાં અદ્યતન ડેટાસેન્ટરની સ્થાપના કરવાનું વિચારી રહી છે આ સેન્ટર કેન્દ્ર સરકારના આદેશ પછી બનાવવામાં આવશે કે જેમાં એકીકૃત ગ્રીન હાઉસ ડેટા સેન્ટરનો કન્સેપ્ટ છે. આ સેન્ટર ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયન (એસઆરઆર) વિસ્તારમાં ઉભું કરવાનું પ્લાનિંગ ચાલી રહ્યું છે. આ માટે ભારત સરકાર એક સર્વગ્રાહી પોલિસી બનાવે છે. એ પહેલાં સંસદના શિયાળુ સત્રમાં ભારત સરકાર પ્રાઈવેટ ડેટા સંરક્ષણ વિધેયક પણ લાવી રહી છે જેમાં ટ્વિટર, ફેસબુક જેવા સોશ્યલ મિડીયા તેમજ ઈ-કોમર્સની તમામ કંપનીઓ અને દૂરસંચારના અભિપ્રાયો પણ લેવામાં આવ્યા છે. આ વિધેયકનો ઉદ્દેશ તમામ ઈન્ટરનેટ કંપનીઓએ અનિવાર્ય રૂપથી દેશની અંદર વ્યક્તિઓના મહત્વપૂર્ણ ડેટાને સ્ટોર કરવાનો છે. કેન્દ્ર સરકાર દ્વારા સમયાંતરે ક્રિટીકલ ડેટાને વ્યાખ્યાયિત પણ કરવામાં આવશે. એ પહેલાં અન્ય રાજ્યોની જેમ ગુજરાત પણ ડેટા સેન્ટર પોલિસી બનાવશે. આ પોલિસીનો ડ્રાફ્ટ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે જેમાં મૂડીરોકાણ અને રોજગારીના અવસર પ્રાપ્ત કરવામાં આવશે. સરકારમાં વ્યાપક ચર્ચાના અંતે આવું ડેટા સેન્ટર ધોલેરામાં સ્થાપવાનું નક્કી કર્યું છે. ડેટા સેન્ટરથી જોડાયેલી નીતિ તૈયાર કરવા માટે આંધ્રપ્રદેશ અને તેલંગાણા સરકારની નીતિનો પણ અભ્યાસ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આવું ડેટા સેન્ટર હાલ તામિલનાડુનાં ચેન્નાઈમાં બનાવવામાં આવેલું છે. હવે આ દિશામાં ઉત્તરપ્રદેશની સરકાર પણ કામ કરી રહી છે. યોગી આદિત્યનાથની સરકારે ડેટા સેન્ટર પોલિસી હેઠળ મૂડીરોકાણનું પણ લક્ષ્ય રાખ્યું છે. વાયબ્રન્ટ સમિટ પહેલાં જો ગુજરાતમાં ડેટા સેન્ટર સ્થપાઈ જાય તો આવનારા ઉદ્યોગો અને મૂડીરોકાણકારોને ફાયદો કરાવશે, એ સાથે સરકારને પણ તેનાથી મોટો ફાયદો છે. આ કામગીરી રાજ્યના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગને કરવાની થતી હોવાથી આ વિભાગના ઉચ્ચ અધિકારી તેમજ મુખ્યમંત્રી કાર્યાલયના અધિકારી તેમાં માર્ગદર્શન આપશે. ડેટા સેન્ટર એ એક નેટવર્ક સાથ જોડાયેલો કોમ્પ્યુટર સર્વરનો એક મોટો સમૂહ છે.

ડ્રગ્સ ખરીદતા ગ્રાહકોમાં મોટા ભાગના કોલેજના વિદ્યાર્થીઓ

બોપલમાં વંદિત પટેલ અને પાર્થ શર્મા નામના યુવકોની અમેરિકન ચરસ સહિતના ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી

અમદાવાદ, તા.૨૦

શહેરમાં તાજેતરમાં હાઈટેક ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ થયો છે. જેમાં અમદાવાદના બે યુવકોએ ડાર્ક વેબના માધ્યમથી અમેરિકાના ઈન્ટરનેશનલ ડ્રગ્સ ડીલરોનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ હવાલા સિસ્ટમથી ક્રિપ્ટો કરન્સી મારફતે પેમેન્ટ કરી બાય કાર્ગો એર કુરીયર મારફતે પ્રતિબંધિત નશાકારક પદાર્થો મંગાવી સમગ્ર રાજ્યમાં ગેરકાયદે વેપાર કરતા હોવાથી તેમને પકડી પાડ્યા હતા. તપાસ કરતા તેમની પાસેથી અમેરિકન હાઈબ્રિડ ગાંજો, અમેરિકન ચરસ, લોકલ ચરસ, મેઝિક મશરૂમ તથા શેટર જેવા ડ્રગ્સ પકડાયા હતા. આ મામલે પોલીસે પૂછપરછ હાથ ધરતા ચોંકાવનારી વિગતો સામે આવી છે. પ્રાપ્ત અહેવાલો અનુસાર બોપલમાં વંદિત પટેલ અને પાર્થ શર્મા નામના યુવકોની અમેરિકન ચરસ સહિતના ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. જેમાં ઝડપાયેલા વધુ બે યુવકોની પૂછપરછમાં સામે આવ્યું કે, બંને પહેલા વંદિત પાસેતી અંગત વપરાશ માટે ડ્રગ્સ ખરીદતા હતા. બાદમાં મોંઘુ ડ્રગ્સ ખરીદવા માટે નાણાની વ્યવસ્થા કરવા માટે જાતે ગ્રાહકોની શોધીને ડ્રગ્સ પેડલર બન્યા હતા.

તપાસમાં વંદિત પટેલ પાસેથી ડ્રગ્સ ખરીદતા ૭૦ ટકા ગ્રાહકોમાં મોટાભાગના કોલેજના વિદ્યાર્થીઓ હોવાનું જાણવા મળ્યું છે. ડ્રગ્સકાંડમાં પકડાયેલા વંદિત પટેલ અને પાર્થ શર્માની પૂછપરછમાં સામે આવ્યું કે, તેઓ હુક્કાબાર સંચાલકો તેમજ જૂના ગ્રાહકોને માંગ પ્રમાણે ડ્રગ્સ પૂરું પાડતા હતા. બંનેની પૂછપરછમાં કેટલાક નામો પણ સામે આવ્યા છે. જેના આધારે ઝીલ પરાતે અને વિપુલ ગોસ્વામી નામના યુવકોની ધરપકડ કરી હતી.

જેમાં વંદિત પાસેથી ડ્રગ્સ ખરીદીને તેમના ગ્રુપમાં તેમજ અન્ય ગ્રાહકોને પુરુ પાડતા હતા અને બાદમાં તેઓ ડ્રગ પેડલર બની ગયા હતા. મીડિયા રિપોર્ટ મુજબ પોલીસને તેમના મોબાઈલ ફોન ડેટા તપાસતા ઘણા ગ્રાહકોના નામ અને મોબાઈલ નંબર તેમજ ઓનલાઈન નાણાં મેળવ્યાની વિગતો પણ મળી છે. ઉપરાંત પોલીસને તપાસમાં વંદિત પટેલના ગ્રાહકોની યાદીમાં અમદાવાદ અને ગાંધીનગરમાં આવેલી પ્રીમિયર ઈન્સ્ટિટ્યુટના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેથી આ કેસમાં આગામી દિવસોમાં હજુ વધુને વધુ ચોંકાવનારા ખુલાસાઓ થવાની શક્યતા છે.

ધોળકા પાસે અકસ્માત નડતા ખંભાતનાં એક જ પરિવારના પાંચનાં મોત

અમદાવાદ,તા.૨૦

ધોળકા નજીક ગમખ્વાર અકસ્માતમાં પાલિતાણાની પરિક્રમા કરીને પાછા ફરતા ખંભાતના પરિવારને નડ્યો છે, કાર અને ટેકર વચ્ચે ટક્કર થઈ હતી જેમાં ઈકો કારનાં કુરચા ઉડી ગયા હતાં. આ અકસ્માતમાં પાંચ લોકોનાં મોત થયા છે જ્યારે ત્રણ ઈજાગ્રસ્ત છે. અમદાવાદ નેશનલ હાઈવે સહિત રાજ્યનાં મુખ્ય માર્ગો પર અકસ્માતની ઘટના દરરોજ બનતી રહેતી હોય છે. પણ ઘણી વખત એવાં અકસ્માત સર્જાઈ જાય છે કે જે ભયંકર આઘાતજનક હોય છે આવો જ એક અકસ્માત ધોળકા નજીક બન્યો છે. આ અકસ્માતની ઘટનામાં પાંચ લોકોનાં કમકમાટીભર્યાં મોત થયાં છે, જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ખંભાતનો પરિવાર પાલિતાણાની પરિક્રમા કરીને પરત ફરી રહ્યો હતો, આ દરમિયાન ધોળકા નજીક તેમની કારને અકસ્માત નડ્યો હતો. હાલમાં અકસ્માતને પગલે ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે આ ખંભાતનો પરિવાર પાલિતાણા દર્શનાર્થે ગયો હતો અને પરિક્રમા કરીને પરત ફરતા સમયે તેમની કારનો ધોળકાની વટામણ ચોકડી પાસે ટેકર સાથે અકસ્માત થયો હતો. આ અકસ્માતને પગલે પાંચ લોકોનાં કરુણ મોત નીપજ્યાં હતાં, જ્યારે અન્ય ત્રણ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, વટામણ ભાવનગર હાઈવે પર ઈકો કાર અને ટેકર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ઈકો કાર ટેકરમાં ઘૂસી ગઈ હતી, જેથી તેનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આ અકસ્માતમાં પાંચ લોકોના મોત નિપજ્યા છે. તો અન્ય ચાર ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવાયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે ખંભાતની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. અકસ્માતમાં મૃત્યુ પામેલા તમામ લોકો ખંભાતના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાંસળી ગામમાંથી સુપ્રસિદ્ધ યાત્રાધામ ફાગવેલ શ્રી ભાથીજી મહારાજના દર્શનાર્થે જઈ રહેલા પગપાળા પદયાત્રીઓના રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. અરવલ્લી જીલ્લા પંચાયત સદસ્ય,ભિલોડા બેઠકના ઈન્દુબેન ભાવિનભાઈ તબિયાર સહિત અમરીશભાઈ, અમૃતભાઈ,મુખી,મહારાજ તેમજ ગ્રામજનોએ ફાગવેલ તરફ પગપાળા જઈ રહેલા પદયાત્રીઓના રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

૧૧૧ માર્ગ અકસ્માત... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પોલીસ અને પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા દરવર્ષે કાર્યક્રમો યોજવામાં આવે છે. પરંતુ માર્ગ સલામતીનો મુદ્દો સપ્તાહની ઉજવણી પુરતો સિમિત નથી. માર્ગ અકસ્માતમાં સૌથી વધુ યુવાનોનો ભોગ લેવાય છે. સમગ્ર દેશમાં દર કલાકે સરેરાશ ૫૫ માર્ગ અકસ્માતના બનાવો બને છે. જયારે ૧૭ ના મોત થાય છે. ગાંધીનગર જિલ્લામાં પણ છેલ્લા ચાર વર્ષમાં માર્ગ અકસ્માતના ૪૪૭ બનાવોમાં ૧૬૨ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો છે. ગાંધીનગર શહેરમાં ગત વર્ષ દરમિયાન જ માર્ગ અકસ્માતના ૧૧૧ બનાવોમાં ૨૫ વ્યકિતઓએ જાન ગુમાવી છે. ત્યારે માર્ગ સલામતીના મામલે હજુ પણ જનજાગૃતિ કેળવવાની સાથે જોખમી પરિબળોને ડામવા માટે જરૂરી પગલા લેવા અનિવાર્ય છે. તા ૨૧ નવેમ્બરને વિશ્વ શ્રધ્ધાંજલિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે જે અન્વયે પોલીસ વિભાગ કક્ષાએથી માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા મૃતકોને શ્રધ્ધાંજલી આપવા તેમજ માર્ગ અકસ્માતો અટકાવવા સવારે ૯ : ૩૦ કલાકે ચ-૦ પાસે એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે.

સેવાનો અભાવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કલાકે પણ બસ દોડાવામાં આવે તો અપડાઉનકર્તાઓને રાહત થાય તેમ છે. આ મામલે સ્થાનિકોએ પણ માંગ ઉઠાવી છે. જયારે કલોલ વિજાપુર રૂટમાં રોજબરોજ અવરજવર કરતા મુસાફરોએ પણ બસ સેવાનો વ્યાપ વધારવા માટે રજુઆત કરી છે. હાલની સ્થિતિએ મુસાફરોની સંખ્યા વધુ છે પરંતુ તેની સામે આ રૂટમાં પુરતી બસો દોડતી નથી જેના લીધે અપડાઉનકર્તાઓની મુંઝવણ વધી છે. આમપણ છેલ્લા પાંચ વર્ષથી કલોલ વિજાપુર વચ્ચે દોડતી બસોમાં ટ્રાફિક વધ્યો છે. ત્યારે આ રૂટમાં વધુ બસો દોડાવામાં આવે તે પણ અનિવાર્ય છે.

ચિંતા વધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આ માસમાં નોંધાયેલા તમામ કેસ બહાર પ્રવાસેથી પરત ફર્યા હોય તેવા દર્દીઓ વધુ હોવાનું જાણવા મળેલ છે. જો કે તંત્રએ સર્વેલન્સ સઘન કરવા સાથે ટેસ્ટીંગની કામગીરી પર વધુ ભાર મુક્યો છે.

ગાંધીનગર શહેરમાં દિવાળી અને લગ્નસરાની ભીડની ઈફેક્ટ સામે આવી રહી છે. સંક્રમણ ઘટતાં નગરજનો કોરોના સામે બેફિકર બન્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક થાય તે જોવા તંત્રના કર્મચારીઓને તાકીદ પણ કરી છે. મળતી વિગતો પ્રમાણે આજે નોંધાયેલ દર્દીના સંપર્કમાં આવેલ પરિવારના અન્ય ચાર સભ્યોના નમૂના લઈ તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

હાહાકાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોબર્ટ કોચ ઈન્સ્ટિટયુટ ફોર ઈન્ફેક્શિયસ ડિસિઝે જાહેર કર્યું હતું. એક અઠવાડિયા પૂર્વે જર્મનીમાં દર એક લાખે ૨૪૯.૧નો ચેપનો દર હતો તે વધીને હવે દર એક લાખે ૩૩૬.૯ થઈ ગયો છે. જેને કારણે દૈનિક કેસોની સંખ્યામાં આ સપ્તાહે ૧૫,૦૦૦નો ઉછાળો આવ્યો છે. ઈન્સ્ટિટયુટના પ્રેસિડેન્ટ લોથર વેઈલરે જણાવ્યું હતું કે અમે હાલ જેટલા ચિંતિત છીએ એટલા અગાઉ ક્યારેય નહોતાં. કોરોના મહામારીને નાથવા તાબડતોબ પગલાં ભરવામાં નહીં આવે તો બહુ ખરાબ ક્રિસમસ જોવી પડશે. હાલ આપણે ગંભીર ઈમરજન્સી ભણી ધકેલાઈ રહ્યા છીએ. કોરોનાના ગંભીર દર્દીઓની સંખ્યા એટલી ઝડપે વધી રહી છે કે ઘણી જગ્યાએ ફ્રી આઈસીયુ બેડ શોધવામાં કલાકો લાગી જાય છે. જર્મનીમાં હાલ ૫૬.૪ મિલિયન લોકોએ કોરોનાની રસી મુકાવી છે. જર્મનીના કેટલાક રાજ્યોમાં આરોગ્ય કર્મચારીઓ અને નર્સિંગ હોમના કર્મચારીઓ જેવા પ્રોફેસનલ જૂથોને ફરજિયાત કોરોનાની રસી આપવા માટે વિચારણા કરવામાં આવી રહી છે. પડોશી ઓસ્ટ્રિયામાં સોમવારથી દસ દિવસનું લોકડાઉન લાગુ પાડવામાં આવશે અને ફેબ્રુઆરીથી ફરજિયાત રસીકરણ કરવામાં આવશે તેવી ચાન્સેલર એલેકઝાન્ડર શેલનબર્ગે જાહેરાત કરી હતી. બીજી તરફ નોર્વેમાં સરહદ ક્રોસ કરવા પર કડક નિયંત્રણો મુકવામાં આવ્યા છે. વધતા જતાં કોરોનાના કેસોને નાથવા માટે સરકારે હવે નોર્વેમાં પ્રવેશના ત્રણ દિવસ પૂર્વે સરકારી વેબસાઈટ પર તેમના નામની નોંધણી કરાવવી પડશે. નોર્વેજિયન ન્યાય પ્રધાન એમિલિ એન્જર મેહલે જણાવ્યું હતું કે આ નવા નિયમો ૨૬ નવેમ્બરથી અમલમાં આવશે. સોળ વર્ષ અને તેથી વધારે વયના તમામ નોર્વેવાસીઓ તથા વિદેશીઓએ પણ સરકારી વેબસાઈટ પર દેશમાં પ્રવેશવાના ત્રણ દિવસ પૂર્વે નોંધણી કરાવવી પડશે.

સ્વચ્છ શહેર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

‘સફાઈમિત્ર સુરક્ષા ચેલેન્જલ્ન હેઠળ ટોચના પ્રદર્શન કરનારા શહેરોને ઓળખીને સ્વચ્છતા કાર્યકરોને શ્રદ્ધાંજલિ પણ અર્પણ કરવામાં આવ્યા. ‘‘૨૦૧૬ માં ૭૩ મોટા શહેરોના સર્વેક્ષણમાંથી, ૨૦૨૧ માં ૪,૩૨૦ શહેરોએ ભાગ લીધો હતો, સ્વચ્છ સર્વેક્ષણની છઠ્ઠી આવૃત્તિ જે વિશ્વનું સૌથી મોટું શહેરી સ્વચ્છતા સર્વેક્ષણ બની ગયું છે,’’ મંત્રાલયે જણાવ્યું હતું. કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રદર્શનમાં થયેલા સુધારા પર પ્રકાશ પાડતા મંત્રાલયે જણાવ્યું હતું કે છ રાજ્યો અને છ કેન્દ્રશાસિત પ્રદેશોએ તેમના એકંદર પાયાના સ્તરના સુધારામાં ૫% થી ૨૫% ની વચ્ચેનો એકંદર સુધારો દર્શાવ્યો છે.કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન-અર્બન ૨.૦ હેઠળ ભારતને કચરો મુક્ત બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, કચરો મુક્ત શહેરોની શ્રેણી હેઠળ પ્રમાણિત શહેરોને પણ આ કાર્યક્રમમાં પુરસ્કૃત કરવામાં આવ્યા.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે આજે દેશના ૩૪૨ સ્વચ્છ શહેરોનું સન્માન કર્યું. આ શહેરોને ‘સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૧લ્ન માં સ્વચ્છ અને કચરો મુક્ત હોવા માટે કેટલાક સ્ટાર રેટિંગ આપવામાં આવ્યા છે. દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે એવોર્ડ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રી અને અન્ય અધિકારીઓ હાજર હતા. આ એવોર્ડ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય (ર્ંઊંછ) ‘સ્વચ્છ અમૃત મહોત્સવલ્ન દ્વારા આયોજિત કરવામાં આવે છે. કેન્દ્રીય આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયે જણાવ્યું હતું કે સ્વચ્છ ભારત મિશન-અર્બન ૨.૦ હેઠળ ભારતને કચરો મુક્ત બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ, કચરો મુક્ત શહેરોની શ્રેણી હેઠળ પ્રમાણિત શહેરોને પણ આ કાર્યક્રમમાં પુરસ્કૃત કરવામાં આવ્યા. આ પહેલ વર્ષ ૨૦૧૬માં શરૂ કરવામાં આવી હતી. તે દરમિયાન સર્વેમાં ૭૩ મોટા શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.